| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૧૦/૦૧/૨૦૧૭ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૧૦/૦૧/૨૦૧૭ | | |
| ફેંસલ તારીખ. | ૦૯/૦૪/૨૦૨૬ | | |
| સમય ગાળો :- | વર્ષ | માસ | દિન |
| | ૦૯ | ૦૨ | ૩૦ |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.**

**રે.સીવીલ અપીલ.નં.-૩/૨૦૧૭**

**આંકઃ-10**

**વિવાદી :-** **રાવળ મધુબેન બબાભાઇ**

**(મુળ અરજદાર)** ઉ.વ.આ.૩૪, ધંધો : ઘરકામ,

રહે.આખજ, તા.જી.મહેસાણા.

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી :-** **રાવળ રાજુભાઇ કેશાભાઇ**

**(મુળ સામાવાળા)** ઉ.વ.આ.૩૬, ધંધો.ખેતી તથા શાકભાજી,

રહે.રામોસણા, તા.જી.મહેસાણા.

---

વિવાદી તરફે :- વિ.વ.શ્રી.આર.કે.સોની.

પ્રતિવિવાદી તરફે :- વિ.વકીલ.શ્રી.આર.એન.બારોટ.

---

**વિષય :-** હિન્દુ મેરેજ એકટની ક.૨૮ મુજબ અપીલ.

**-// ચુકાદો //-**

(૧) વિવાદીએ એચ.એમ.પી. નં.૧૪૨/૨૦૧૪ ના કામે હિન્દુ

મેરેજ એકટની ક.૯ મુજબ લગ્ન જીવનના હકકો પુનઃ સ્થાપન માટેની અરજી ગુજારેલી જે ચોથા એડીશ્નલ સીની. સીવીલ જજ, મહેસાણા નાઓએ તા.૨૫/ ૧૧/ ૨૦૧૬ ના રોજ નામંજુર (રદ્દ) કરતો હુકમ તથા હુકમનામુ દોરેલ તે હુકમથી તથા હુકમનામાથી નારાજ થઇ વિવાદીએ હિન્દુ મેરેજ એકટની ક.૨૮ મુજબ હાલની અપીલ ગુજારેલી, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામના પ્રતિવિવાદીને નોટીસની બજવણી થતા પ્રતિવિવાદી વિ.વ.શ્રી મારફતે અપીલ મેમો સાથે કોઇ લેખિત જવાબ/વાંધા રજુ કરેલા નથી.

(૩) આ કામે આંક–૦૯ થી પ્રતિવિવાદી તર્ફે વિ.વ.શ્રી દ્વારા વિવાદીનો દલીલો હકક બંધ કરી કામ આગળ ચલાવવા માટે અરજી ગુજારેલી અને તે અરજી અને તે અરજી સાંભળીને પ્રતિવિવાદીની અરજી મંજુર કરી વિવાદીની દલીલોનો હકક બંધ કરવામાં આવેલો છે અને તે સંજોગોમાં વિવાદી તર્ફે કોઇ લેખિત કે મૌખિકમાં કોઇ રજુઆત નથી.

(૪) આ કામે પ્રતિવિવાદીના વિ.વ.શ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામં મુળ અરજદાર તથા સામાવાળા કાયદેસરના પતિ–પત્ની છે તે હકીકત બિન તકરારી છે. મુળ અરજદાર મધુબેન નાઓએ પોતાના પતિનો કાયદેસર, વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલ છે. વધુમાં હિન્દુ મેરેજ એકટની ક.૯ મુજબની અરજીના કામે કેસની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન પુરાવામાં જે વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તેનું ટ્રાયલ કોર્ટ દ્વારા કાયદેસર, યોગ્ય મુલ્યાંકન કરવામાં આવેલ છે અને ટ્રાયલ કોર્ટ દ્વારા આંક–૧૬ થી કાઢવામાં આવેલા મુદ્દાઓનો યોગ્ય, વ્યાજબી નિર્ણય કરેલો છે. જેથી ટ્રાયલ કોર્ટ દ્વારા પુરાવાનું યોગ્ય, વ્યાજબી મુલ્યાંકન કરવામાં આવેલુ હોવાથી તેમા હસ્તક્ષેપ કરવા

માટેનું કોઇ વ્યાજબી કારણ નથી. જેથી વિવાદીની હાલની અપીલ નામંજુર (રદ્દ) કરી ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ કરવા વિનંતી કરેલ છે.

(૫) આ કામે હાલના રે.દિ.અપીલના નિર્ણય માટે એચ.એમ.પી. નં.૧૪૨/૨૦૧૪ ના કામનું અસલ રેકર્ડ ગંભીરતાથી વંચાણે લીધુ.

(૬) એચ.એમ.પી. નં.૧૪૨/૨૦૧૪ ના કામે આંક–૧૬ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલા છે.

**મુદ્દા :–**

૧. Whether the applicant proves that the she is legal wife of opponent?

૨. Whether the applicant proves that the opponent has withdrawn any reasonable excuse withdrawn any himself from the society of the applicant?

૩. Whether the applicant proves that she is Entitled to get a decree of restitution of conjugal right?

૪. What Order and Decree?

(૭) એચ.એમ.પી. નં.૧૪૨/૨૦૧૪ ના કામે આંક–૧૬ થી કાઢવામાં આવેલા મુદ્દાઓના નિર્ણયો ટ્રાયલ કોર્ટ દ્વારા નીચે મુજબ આપવામાં આવેલા છે.

૧. મુદ્દા નં.૧ હકારાત્મક.

૨. મુદ્દા નં.૨ નકારાત્મક.

૩. મુદ્દા નં.૩ નકારાત્મક.

૪. મુદ્દા નં.૪ આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત હકીકતે હાલની રે.દિ. અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિ થાય છે.

**મુદ્દા :–**

૧. શું વિવાદી પુરવાર કરે છે કે, એચ.એમ.પી. નં.૧૪૨/૨૦૧૪ ના કામે હિન્દુ મેરેજ એકટની ક.૯ મુજબ લગ્ન જીવનના હકકો પુનઃ સ્થાપન માટેની અરજદારની અરજીને નામંજુર (રદ્દ) કરતો ચોથા એડીશ્નલ સી.સીવીલ જજ, મહેસાણાનાઓનો તા.૨૫/૧૧/ ૨૦૧૬ ના રોજનો આંક–૨૨ વાળો હુકમ તથા આંક–૨૩ થી પ્રિન્સીપાલ સીવીલ જજ, મહેસાણા નાઓનો તા.૨૦/૧૨/ ૨૦૧૬ ના રોજનુ હુકમનામુ કાયદા વિરૂઘ્ધનું, ગેરકાયેદસરનું, અસ્પષ્ટ, અનિયમિત, ભુલ ભરેલુ, હકીકતોથી વિરૂઘ્ધનું, હસ્તક્ષેપ કરવાને પાત્ર તેમજ રદ્દ થવાને પાત્ર છે?

૨. શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નં.૧ નકારમાં.

૨. મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**–//કારણો//–**

**<u>મુદ્દા નં.૧:–</u>**

(૧૦) આ કામે હાલના વિવાદી એચ.એમ.પી. નં.૧૪૨/ ૨૦૧૪ ના કામના અરજદાર છે, જયારે હાલના પ્રતિવિવાદી એચ.એમ.પી. નં. ૧૪૨/૨૦૧૪ ના કામના સામાવાળા છે. આવા સંજોગોમાં પક્ષકારોની ઓળખ જળવાઈ રહે અને ચર્ચામાં સરળતા રહે તેવા હેતુથી એચ.એમ.પી. નં.૧૪૨/૨૦૧૪ ના કામે પક્ષકારોની જે ઓળખ છે તે ઓળખને ઘ્યાને લઈ હવે પછી સંબોધન કરવામાં આવશે તેથી પક્ષકારોની ઓળખના મુદ્દા ઉપર તે મુજબ અર્થઘટન કરવાનું રહેશે.

(૧૧) આ કામે અરજદારે હિન્દુ મેૈરેજ એકટની ક.૯ મુજબ લગ્ન જીવનના હકકો પુનઃ સ્થાપન માટે અરજી ગુજારેલી છે. જેથી અદાલતે પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે આ હિન્દુ મેૈરેજ એકટની જોગવાઇઓ ધ્યાને લેવી પડે તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું સૌપ્રથમ માનવુ છે.

(૧૨) આ કામે અરજદારે અરજીના પેરા–૧ થી પેરા–૧૦ સુધીમાં જે કોઇ વિગતો જાહેર કરેલ છે તે અરજદારનું પોતાનું પ્લીડીંગ છે અને આ હકીકત અરજદારની પોતાની સ્વિકૃતિ તરીકે ધ્યાને લેવી પડે અને અરજદાર પોતાના પ્લીડીંગમાં સ્વિકૃત કરેલ બાબતોથી વિરૂધ્ધની બાબત કહેવા જતા હોય અથવા કહેતા હોય તો અરજદારને ભારતીય પુરાવા અધિનિયમની ક.૧૧૫ ની જોગવાઈ અનુસાર રૂલ ઓફ એસ્ટોપલનો બાધ નડે છે તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

(૧૩) એચ.એમ.પી. નં.૧૪૨/૨૦૧૪ ના કામે સામાવાળાને નોટિસની બજવણી થતા સામાવાળા હાજર થયેલા છે અને સામાવાળાએ આંક–૧૧ થી અરજદારની અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે. આ લેખિત જવાબામાં સામાવાળાએ પોતાની પત્નીનો કોઇ ત્યાગ કરેલ નથી પરંતુ અરજદારે જાતે સામાવાળાનો કોઇ પણ જાતના કાયદેસરના કારણ વગર ત્યાર કરીને જતા રહેલા છે તે રીતની વિગતનું પ્લીડીંગ કરેલ છે.

(૧૪) આ કામે અરજદારે આંક–૧૭ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે અને અરજદારની ઉલટતપાસ સામાવાળાના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. આ ઉલટતપાસમાં અરજદારે એવુ સ્પષ્ટ કબુલ કરેલ છે કે,

> **"એ વાત ખરી છે કે, સામાવાળા સાથે મારે લગ્ન થયાના ૨૦ વર્ષ જેટલો સમય થયેલો છે. લગ્ન જીવન દરમ્યાન મારે બે બાળકો છે. હું મારી સાસરી રામોસણા મુકામે**

**રહેતી હતી. હું સંયુકત કુટુંબમાં રહેતી હતી. એ વાત ખરી છે કે, એ વખતે મારો સંસાર સારો ચાલતો હતો. એ વાત ખરી છે કે, તે વખતે મારા પતિ ડેપીમાં નોકરી કરતા હતા."**

આમ, સામાવાળા સાથેના અરજદારના લગ્ન જીવનને ૨૦ વર્ષ જેટલો સમય થયેલો છે અને આ સમયગાળા દરમ્યાન બે બાળકોનો જન્મ પણ થયેલો છે અને અરજદાર સંયુકત કુટુંબમાં રહેતા હતા ત્યાં સુધી ઘર સંસાર સારી રીતે ચાલતો હતો તે રીતની વિગત અરજદારે કબુલ કરેલ છે. આ હકીકતની સાથે અરજદારની સરતપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો અરજદારે પોતાની સાસરી માંથી કઇ તારીખથી અલગ થયા તે ચોકકસ તારીખની વિગત જાહેર કરેલ નથી. વધુમાં અરજદાર પોતે હિન્દુ મેરેજ એકટની ક.૯ મુજબની અરજીના કામે પેરા–૧ થી પેરા–૧૧ સુધી પ્લીડીંગ કરેલ છે તે પ્લીડીંગમાં પણ કોઇ પણ જગ્યાએ ચોકકસ કઇ તારીખથી સાસરીમાંથી અરજદાર અલગ થયેલ છે તેવી વિગત જાહેર કરેલ નથી. આવા સંજોગોમાં અરજદાર ૨૦ વર્ષના સમયગાળા દરમ્યાન પોતાના પતિ સાથે સંયુકત કુટુંબમાં રહેતા હતા ત્યાં સુધી ઘરસંસાર સારી રીતે ચાલતો હતો. તો તે સંજોગોમાં તે સમયગાળો પુરો થયા બાદ ચોકકસ કઇ તારીખથી અથવા કયા મહિનાથી અરજદાર સાસરીથી અલગ થયેલા તે બાબત રેકર્ડ ઉપર લાવીને સાબિત કરવાનો સાબિતીનો બોજો અરજદારના શીરે રહેલો છે. આ કિસ્સામાં અરજદાર પોતાના પુરાવામાં કોઇ પણ જગ્યાએ સાસરીમાં સંયુકત કુટુંબમાંથી કયારથી અલગ પડેલા તે વિગત વ્યાજબી રીતે રેકર્ડ ઉપર લાવીને સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

વધુમાં, અરજદારે અરજીમાં સને ૨૦૧૩ ના વર્ષમાં મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ગુજારેલી અને મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં.૩૨૦/૨૦૧૩ થી ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલાની વિગત જાહેર કરેલ છે પરંતુ આ કેસમાં અરજદાર દ્વારા આ એફ.આઇ.આર.ની નકલ રજુ કરી તે કેસની ફોજદારી કાર્યવાહીના અંતે આરોપીને સજા થયેલ હોય અને તે સજાનો હુકમ અંતિમ અને છેવટનો બનતો હોય તેવુ બતાવતો કોઇ દસ્તાવેજી આધાર

પુરાવો રજુ કરેલ નથી. આવા સંજોગોમાં સને ૨૦૧૩ ના વર્ષમાં મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં અરજદારે જે ફરિયાદ દાખલ કરેલ છે તે ફરિયાદના આધારે સામાવાળાએ અરજદારનો કાયદેસરના કોઇ વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલ છે તેવુ માની શકાય નહિ.

વધુમાં અરજદારની સમગ્ર જુબાનીની વિગતોનું મુલ્યાંકન કરવામાં આવે તો અરજદારે ચીફ જયુડી. મેજી., મહેસાણાની કોર્ટમાં ભરણપોષણ મેળવવા માટે તથા ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયે ભરણપોષણ તથા અન્ય દાદ મેળવવા માટે અરજી કરેલાની વિગત જણાવેલ છે પરંતુ ક્રિ.પ્રો.કોડની ક.૧૨૫ મુજબની અરજી કરવાથી તેમજ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયે અરજી કરવાથી અરજદારનો ત્યાગ સામાવાળા/પતિએ કાયદેસરના કારણ વગર કરેલ છે તેવુ કોઇ પણ સંજોગોમાં માની શકાય નહિ સિવાય કે અરજદાર દ્વારા વ્યાજબી પુરાવો રજુ કરવામાં આવેલ હોય. ક્રિ.પ્રો.કોડની ક.૧૨૫ મુજબ ભરણપોષણનો હુકમ કરવાનો હોય ત્યારે તેને સંલગ્ન બાબતો ક્રિ.પ્રો. કોડની ક.૧૨૫ માં નકકી કરેલ બાબતને ધ્યાને લઇ તેના તત્વો સંદર્ભે પુરાવાનું મુલ્યાંકન કરવુ પડે. જયારે ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયેની અરજીના કિસ્સામાં ઘરેલુ હિંસાની વ્યાખ્યાના વર્તુળમાં જો બનાવ બનેલાનું સાબિત થતુ હોય તો જ દાદ મળવા પાત્ર થાય છે. જેથી ત્રણેય કાયદા અન્વયે પુરાવાનું મુલ્યાંકનના માપદંડ અને ધ્યાને લેવાની બાબત અને અલગ તત્વો અલગ અલગ છે.

આવા સંજોગોમાં અરજદારની આંક–૧૭ ની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો અરજદારે સામાવાળાને કોઇ કાયદેસરની નોટિસ તેડી જવા માટે આપેલ હોય અને તે નોટિસની બજવણી સામાવાળાને થયેલ હોય તેમ છતાં સામાવાળા/પતિ પત્નીને તેડી જતા ન હોય તેવુ બતાવતો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલ નથી.

(૧૫) વધુમાં અરજદારે પોતાના સાહેદ તરીકે રાવળ અમ્રુતભાઇ

બબાભાઇ નાઓને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો અરજદાર કયારથી સામાવાળાથી અલગ થયેલ છે. ત્યારબાદ કયારે કયારે સામાવાળા પાસે જઇને અરજદારને તેડી જવા માટે પ્રયત્ન કરવામાં આવેલ છે તે રીતનું વ્યાજબી માની શકાય તેવી કોઇ વિગત આ સાહેદે જણાવેલ નથી. તે સંજોગોમાં સાહેદની જુબાનીની આધારે સામાવાળાએ અરજદારને તેડી જાય તે માટે અરજદાર દ્વારા કે આ સાહેદ દ્વારા વ્યાજબી પ્રયત્ન કરવામાં આવેલ હોય તે રીતની વિગતને વ્યાજબી માની શકાય તેવુ સમર્થન મળતુ નથી તેમ માનું છું.

(૧૬) આ કામે સામાવાળાએ આંક–૨૦ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે અને આ સોગંદ ઉપરની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો તેમા અરજદાર તર્ફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસમાં એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

**"અરજદાર તથા તેના ભાઈઓ લેખિતમાં બાંહેધરી આપી તમારી સાથે આવવા તૈયાર છે તેમ છતાં હું લઈ જવા તૈયાર નથી."**

આમ, સામાવાળાઅરજદારને લઈ જવા માટે તૈયાર નથી તે રીતની વિગત ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે.

વધુમાં ઉલટતપાસમાં બીજી મહત્વની એવી હકીકત પણ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

**"હું અને અરજદાર છેલ્લા પાંચ વર્ષથી અલગ રહીએ છીએ. એ વાત ખરી છે કે, અરજદારને તેડી જવા માટે કોઈ નોટિસ કે દાવો કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સમાજની રીતે પ્રયત્ન કરેલ. આમ, સમાજની રીતે પ્રયત્ન કરેલ તે મૌખિક રીતે કરેલ છે. અમારા સમાજના મંડળના પ્રમુખ અને મંત્રી ભેગા થયેલા પરંતુ અરજદારને તેડવા માટે તેમના ઘરે ગયેલા નહિ. મારા જવાબના પાના નં.૧૧ માં અમો તેઓને તેડી લાવવા માટે અથાગ પ્રયત્ન કરેલા તે પ્રયત્નો મૌખિક કરેલા."**

આમ, અરજદારને સામાવાળા તેડી જવા માટે તૈયાર નથી તે

રીતની વિગત ઉલટતપાસમાં પુછવામાં આવેલ છે પરંતુ અરજદારે હાલની અરજી દાખલ કરી તે અગાઉ આ સામાવાળાએ અજદારને તેડવા માટે ઈન્કાર કરેલ હોય તેવી કોઈ વિગત પુરાવામાં કોઈ પણ જગ્યાએ અરજદારના વિ.વ.શ્રી દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.

વધુમાં, આ કામે સામાવાળાએ પોતાની સરતપાસમાં એવી મહત્વની વિગત જાહેર કરેલ છે કે,

> **"સદર કામના અરજદારે સળગીને મરવાનો (આપઘાત) નો પ્રયાસ કરેલો જે બાબતે અમો સામાવાળે અરજદારની દવા-દારૂ સારવાર વિગેરે પાછળ રૂ.૨,૯૦,૦૦૦/- જેટલો ખર્ચ કરેલ છે."**

આમ, સામાવાળાએ અરજદાર દ્વારા આત્મહત્યા કરવાનો પ્રયાસ કરવામાં આવેલ તે રીતની વિગત રજુ કરેલ છે. ઉલટતપાસમાં આ મુદ્દા ઉપર કોઈ વિગત પડકારીને સ્પષ્ટતા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આવા સંજોગોમાં જો કોઈ વ્યકિતએ આત્મહત્યા કરવા માટે પ્રયત્ન કરેલ હોય તો તે સંજોગોમાં પતિને આવી પત્ની સાથે રહેવા માટે ફરજ પાડી શકાય નહિ. આ સિવાય પક્ષકારો વચ્ચે તકરારો ઉપસ્થિત થયેલ છે અને તેમા અરજદારે સામાવાળા/પતિ ઉપર કેસ કરેલ છે. તે સંજોગોમાં આ કેસની વિષય વસ્તુ અને પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ બાબતોને ધ્યાને લેતાં સામાવાળાએ અરજદારનો ત્યાગ કોઈ પણ જાતના કાયદેસરના કારણો વગર કરેલ હોય તેવુ સમગ્ર પુરાવો વંચાણે લેતાં કયાંય સાબિત થતુ નથી. આવા સંજોગોમાં ટ્રાયલ કોર્ટ દ્વારા આંક-૧૬ થી કાઢવામાં આવેલા મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપેલ છે તેની સાથે અત્રેની એપેલેટ કોર્ટ સહમત થાય છે. કારણ કે, અરજદાર અને સામાવાળા બંનેવ કાયદેસરના પરિણિત પતિ-પત્ની છે તે બિનતકરારી હકીકત છે. વધુમાં ટ્રાયલ કોર્ટ દ્વારા મુદ્દા નં.૨ અને મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં આપેલ છે અને અત્રેની એપેલેટ કોર્ટ પણ ઉપરોકત ચર્ચાની વિગતે ટ્રાયલ કોર્ટ દ્વારા મુદ્દા નં.૨ અને મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં આપવામાં આવેલો છે તે નિર્ણય તથા નિર્ણય માટે આપવામાં આવેલા કારણોની સાથે સહમત થાય છે.

આવા સંજોગોમાં અરજીના કામે ટ્રાયલ કોર્ટ દ્વારા રજુ થયેલ પુરાવાનો કાયદાની જોગવાઇઓ અંતર્ગત કાયદેસરનું, વ્યાજબી મુલ્યાંકન કરેલ છે અને અરજદારની અરજીને નામંજુર (રદ્ધ) કરતો હુકમ કરેલ છે તે યોગ્ય અને કાયદેસરનો હોવાનું અત્રેની એપેલેટ કોર્ટ શુધ્ધબુધ્ધિપૂર્વક માને છે અને જેથી એપેલેટ કોર્ટના મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું.

**<u>મુદ્દા નં.૨</u> :–**

(૧૭) આ કામે ટ્રાયલ કોર્ટ દ્વારા આંક–૧૬ થી કાઢવામાં આવેલા મુદ્દા બાબતે જે નિર્ણય કરેલ છે તે નિર્ણય સાથે અત્રેની એપેલેટ કોર્ટ સહમત થાય છે તેમજ નિર્ણય માટે ટ્રાયલ કોર્ટ દ્વારા જે કારણો આપવામાં આવેલા છે તે કારણોની સાથે પણ અત્રેની કોર્ટ સહમત થાય છે. આવા સંજોગોમાં સામાવાળાએ અરજદાર/પત્નીનો કોઇ પણ જાતના કાયદેસરના વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલ હોય તેવુ પુરાવામાં વ્યાજબી રીતે પુરવાર કરવામાં અરજદાર નિષ્ફળ નિવડેલ છે. જેથી ટ્રાયલ કોર્ટ દ્વારા પુરાવાના મુલ્યાંકનમાં કોઇ ભુલ થયેલ હોય કે શરતચુક થયેલ હોય તેવુ સમગ્ર પુરાવો વંચાણે લેતાં અત્રેની કોર્ટને જણાતુ નથી. જેથી ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવા માટે કોઇ કાયદેસર વ્યાજબી કારણ ન હોય જેથી એપેલન્ટની હાલની અપીલ મંજુર કરી શકાય તેમ ન હોય નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**–// <u>હુકમ</u> //–**

આથી વિવાદીની હાલની અપીલ નામંજુર(રદ) કરવામાં આવે છે.

આથી એચ.એમ.પી. નં.૧૪૨/૨૦૧૪ ના કામે અરજદારની લગ્ન જીવનના હકકોને પુનઃસ્થાપન માટેની અરજીને નામંજુર (રદ્ધ) કરતો ચોથા એડીશ્નલ સીવીલ જજ, મહેસાણા નાઓનો તા.૨૫/૧૧/ ૨૦૧૬ ના રોજનો હુકમ તથા તા.૨૦/૧૨/૨૦૧૬ ના રોજનુ હુકમનામાને આથી કાયમ કરવામાં આવે છે.

હુકમની એક નકલ એચ.એમ.પી. નં.૧૪૨/૨૦૧૪ ના રેકર્ડ સાથે બાંધવા માટે મોકલી આપવી.

આથી એચ.એમ.પી. નં.૧૪૨/૨૦૧૪ ના કામનું અસલ રેકર્ડ તાત્કાલિક અસરથી અત્રેની કોર્ટને પરત મોકલવુ.

બંનેવ પક્ષકારોએ પોત પાતોનો ખર્ચ જાતે ભોગવવો.

હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આ હુકમ આજરોજ તા.૯ મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૦૯/૦૪/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળઃ મહેસાણા બીજા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજ,

મહેસાણા

જીજે૦૦૬૯૧